કિડની અને લિવરનું અંગદાન કરવામાં આવ્યું

# અકસ્માતમાં બ્રેઈન ડેડ દર્દીનું સયાજી હોસ્પિટલ ખાતે અંગદાન કરાયું : બેને જીવતદાન મળશે



(પ્રતિનિધિ) વડોદરા તા.18

ગત તા.11-07-2025 ના રોજ રાજપીપળા ના રૂઢ ગામના સુથાર ફળિયામાં પરિવાર સાથે રહેતા આશરે 36 વર્ષીય સતીષ શાંતિલાલ વસાવાનાઓ નું પોતાના મોટરસાયકલ પર સાંજે ચાર વાગ્યાની આસપાસ રૂઢ ગામના રોડ ઉપર અન્ય મોટરસાયકલ સાથે અકસ્માત સર્જાયો હતો જેમાં સતીષ શાંતિલાલ વસાવાને માથાના ભાગે તથા શરીરે ઈજાઓ પહોંચી હતી જેથી તેઓને એમ્બ્યુલન્સ મારફતે રાજપીપળા ખાતે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં વધુ સારવારની જરૂર હોય ઈજાગ્રસ્ત સતીષ શાંતિલાલ વસાવાને રીફર કરી તા.11-07-2025 ના રોજ સાંજે આશરે પોણા આઠ વાગ્યે મધ્ય ગુજરાતની સૌથી મોટી વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા અને સારવાર આપવામાં આવી રહી હતી તે દરમિયાન ગતરોજ તેઓને બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવ્યા હતા. સમગ્ર મામલે બ્રેઈન ડેડ સતીષ શાંતિલાલ વસાવાના ધર્મપત્ની મીનાબેન વસાવા તથા પરિવારને બ્રેઈન ડેડ સતીષભાઈ નું અંગદાન કરવા અને અંગદાન થકી અન્ય જરુરિયાતમંદ દર્દીઓના જીવન બચાવી શકાય તે બાબતે પ્રોત્સાહિત કરવામાં આવતા બ્રેઈન ડેડ સતીષ વસાવાના ધર્મપત્ની અને પરિજનોએ સહમતી આપતા બ્રેઈન ડેડ દર્દીના જરૂરી પરીક્ષણો હોસ્પિટલમાં કરવામાં આવ્યા હતા જરુરી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ એપોલો હોસ્પિટલ અમદાવાદ ને જાણ કરવામાં આવી હતી અને શુક્રવારે સાંજે ચાર વાગ્યે એપોલો હોસ્પિટલ ના અંગદાનની ટીમ તથા એસ.એસ.જી. હોસ્પિટલના નિષ્ણાત તબીબો અને સ્ટાફ દ્વારા બ્રેઈન ડેડ સતીષ શાંતિલાલ વસાવાના લીવર, અને કીડનીનુ અંગદાન કરવામાં આવ્યું હતું. એસ.એસ.જી.હોસ્પિટલમા આ સાતમુ અંગદાન કરવામાં આવ્યું હતું.અંગદાન સમયે સમગ્ર હોસ્પિટલ સ્ટાફ અને પરિજનોએ પ્રાર્થના કરી હતી.

## પારૂલ યુનિ.ના પૂર્વ વિદ્યાર્થીની બેગ દાદરની ટ્રેનમાં ચોરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

ભરૂચ જિલ્લાના ઝઘડિયાના ઉમલ્લા મેન બજાર ખાતે રહેતા નિસર્ગ તુષારકુમાર સોની પારૂલ યુનિવર્સિટીમાં બેચરલ ઈન આઈટીની ડિગ્રી પુરી કરી છે. 11 જુલાઈના રોજ એકતાનગર રેલવે સ્ટેશનથી ટ્રેન દ્વારા બોરીવલ્લી રેલવે સ્ટેશન ખાતે ઉતરી મીરા રોડ તેમના મિત્રના ઘરે ગયા હતા. ત્યારબાદ ત્યાંથી 13 જુલાઈના રોજ તેઓ બોરીવલ્લી રેલવે સ્ટેશનથી દાદર એકતાનગર ટ્રેનમાં રિઝર્વેશન કોચમાં બેસીને એકતાગનર ખાતે આવી રહ્યો હતો. તે દરમિયાન સુરત આવ્યાં બાદ તેઓ ટ્રેનમાં ઉંઘી ગયા હતા. ત્યારે વડોદરા આવતા તેઓ જાગી ગયા હતા પરંતુ તેમની પાસે મુકેલી બેગ મળી આવ્યું ન હતું. બેગમાં રોકડા રૂ. 9 હજાર, આધારકાર્ડ, પાનકાર્ડ, ઈલેક્શન કાર્ડ, ડ્રાઈવિંગ લાઈસન્સ બે ડેબિટ કાર્ડ સહિતના સામાન મુકેલો હતો. તેમની ઉંઘનો લાભ લઈને કોઈ ગઠિયો યુવકનું બેગ લઈને ફરાર થઈ ગયો હોય તેઓએ વડોદરા રેલવે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી છે.

મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવે કલેક્ટર કચેરીની મુલાકાત લીધી

# ખેતી બિનખેતીની જમીન સહિતના અનેક પ્રશ્નોની ચર્ચા મામલે બેઠક યોજી

કલેક્ટર કચેરીમાં મુખ્ય સચિવે વૃક્ષા રોપણ પણ કર્યું




(પ્રતિનિધિ) વડોદરા તા.18

રાજ્ય સરકારના મહેસુલ વિભાગના અધિકારી જયંતિ રવિ આજે જિલ્લા કલેક્ટર કચેરીની મુલાકાતે આવ્યા હતા. જીલ્લા કલેકટર, ભૂતપૂર્વ કલેક્ટર બીજલ શાહ સહિત મહેસુલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરી હતી.

જે બેઠકમાં લાંબા સમયથી પડતર કામના નિકાલ,મહેસુલ અંતર્ગત થતી વિવિધ કામગીરી, ખેતી બિનખેતીની વિવાદાસ્પદ જમીનો ના કેસના નિકારણ ઉપરાંત સસ્પેન્ડ થયેલા ત્રણ નાયબ મામલતદારની સમીક્ષા કરવા માટે આજે અહીં આવવાનું થયું હતું .કચેરીના પ્રાંગણ મા વૃક્ષા રોપણ કર્યા બાદ પત્રકારો દ્વારા કેટલાક

સવાલ પૂછવામાં આવ્યા હતા.તેમાં તેમણે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૨ પછી મહેસુલ વિભાગના સિનિયર અધિકારીઓને પ્રમોશન મળ્યું નથી એ મામલે તેમણે તપાસ કરાવવા ખાતરી આપી હતી.ઉપરાંત વડોદરા શહેરની એક જમીન મામલે બિલ્ડરને ત્યાં જોવા મળેલા જિલ્લા કલેક્ટરના મહેસુલ વિભાગના ત્રણ મામલતદાર સસ્પેન્ડ થવા મામલે પણ રીવ્યુ બેઠકમાં વિસ્તૃત તેની ચર્ચા કરવામાં આવી હતી.તેમ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે અધિક મુખ્ય સચિવ જયંતી રવિ કોરોના કાળ દરમ્યાન તમામ સરકારી હોસ્પિટલમાં દર્દીઓની સઘન સારવાર માટે ખાસ તકેદારી રાખીને વિગત જાહેર કરતા હતા. તેમની સનિષ્ઠ કામગીરીને રાજ્ય સરકારે ખાસ ધ્યાને લીધી હતી

હવાલા કૌભાંડમાં મોટો પર્દાફાશ...!!!

# રૂ.40.35 લાખ સાથે ભરૂચ જીલ્લાના 3 આરોપીને ઝડપતી ભરૂચ SOG

**ઝામ્બીયાથી** ભરૂચ રકમ ચોરી-છુપીથી આવતા હતા : પ્રાથમિક તપાસમાં કૌભાંડ દાયકાઓથી ચાલી રહેલા હવાલા રેકેટનો ભાગ હોવાનું સ્ફોટક વિગત પોલીસ સમક્ષ



(પ્રતિનિધિ) ભરૂચ,તા.18

ભરૂચ SOG પોલીસે હવાલાના રૂ.40.35 લાખ સાથે ભરૂચ જીલ્લાના ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.આ રકમ ઝામ્બીયાથી સુરત મારફતે ભરૂચ સુધી લાવવામાં આવી હતી.

ભરૂચ SP મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ SI ગજેન્દ્રસિંહને મળેલી બાતમીના આધારે કરમાડ ગામ પાસેથી બે શખ્સોને રોક્યા હતા.તેઓને સઘન ચેકિંગમાં રૂ.40.35 લાખની મોટી રકમ મળી આવી હતી. પોલીસને તેઓ પાસેથી ગલ્લા તલ્લા કરીને સંતોષકારક જવાબ ન મળતા બંનેને BNSS કલમ 35(1)(ઇ) હેઠળ અટક કરવામાં આવી હતી.

તપાસમાં જાણવા મળ્યું કે, આ રકમ મૌલવી મુસા આદમ રંદેરાને આપવાનાં હતા.આરોપી હુજેફા પટેલે તેના ખાસ મિત્ર સાકીર હુસેન પટેલના મોબાઈલમાં વોટ્સએપ હેક કરીને માહિતી મેળવી હતી. ત્યારબાદ તેણે પોતાના બે સાથીદારો સાથે મળીને રૂ.48 લાખમાંથી રૂ.40.35 લાખની ચોરી કરી હતી.

પોલીસે 22 વર્ષીય હુજેફા અલ્તાફ યાકુબ પટેલ (મોબાઈલ હેકર) રહે-A /01,સિરાજપાર્ક,ત્રણકુવા,રેલવે ફાટક પાસે શેરપુરા-ડુંગરીરોડ,ભરૂચ, 23 વર્ષીય ઝકરીયા ઈદ્રીશ બારીવાલા (હવાલાના નાણાંનો પીછો કરનાર) રહે-કરમાડ,માટલીવાલા ફળિયું,ભરૂચ અને 24 વર્ષીય મહંમદજાવીદ ઝાકીર પીપા (ઈકો ગાડીમાંથી નાણાં કાઢનાર) રહે-206,કંથારિયા,ખાનજી સ્ટ્રીટ તા.જી-ભરૂચની ધરપકડ કરી છે.પોલીસે કુલ રૂ.40,70,300/-નો મુદ્દામાલ કબજે કર્યો છે. જેમાં રોકડા રૂ.40,35,300/- બે મોબાઈલ ફોન કિંમત રૂ.10,000/- અને એક જ્યુપીટર સ્કૂટર કિંમત રૂ.25,000/-નો સમાવેશ થાય છે. પ્રાથમિક તપાસમાં આ કૌભાંડ દાયકાઓથી ચાલી રહેલા હવાલા રેકેટનો ભાગ હોવાનું સ્ફોટક વિગત પોલીસ સમક્ષ સામે આવી છે.

# શંકાસ્પદ એક્યૂટ એનકેફેલાઈટિસ લક્ષણો ધરાવતા બે બાળ દર્દી SSGHમાં દાખલ

**દાહોદથી** એક વર્ષનું બાળ દર્દી તથા બીજું બે વર્ષીય બાળદર્દી આણંદ જિલ્લાના આંક્લાવ તાલુકામાંથી સારવાર માટે દાખલ

**કુલ** ત્રણ દર્દીઓ P.I.C.U.મા સારવાર હેઠળ

(પ્રતિનિધિ ) વડોદરા તા.18

શહેરના એસ.એસ.જી. હોસ્પિટલમાં શંકાસ્પદ એક્યૂટ એનકેફેલાઈટિસ લક્ષણો ધરાવતા ગુરુવારે બે નવા કેસો નોંધાયા હતા જેમાં દાહોદથી એક વર્ષનું બાળ દર્દી તથા આણંદ જિલ્લાના આંકલાવ તાલુકામાંથી બે વર્ષના બાળ દર્દીને દાખલ કરાતાં હાલમાં કુલ ત્રણ બાળ દર્દીઓ પી.આઇ.સી.યુ.મા સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે.

રાજ્યમાં ચોમાસાની ઋતુમાં ગત તા.16 જૂન,2025 ના રોજ પંચમહાલ દાહોદ છોટાઉદેપુર તથા મધ્યપ્રદેશ, વડોદરા, પાદરા અને આણંદ જિલ્લામાંથી શંકાસ્પદ એક્યૂટ એનકેફેલાઈટિસ લક્ષણો ધરાવતા બાળ દર્દીઓ મળી આવતા આરોગ્ય વિભાગ દોડતું થયું હતું. અત્યાર સુધીમાં મધ્ય ગુજરાતની સૌથી મોટી વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં 24 કેસો નોંધાયા હતા જેમાંથી 14 બાળકોના મોત નિપજ્યાં છે જ્યારે 22 બાળકોના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. ગતરોજ તા.17 જૂલાઈ ને ગુરુવારે હોસ્પિટલમાં બે નવા કેસો નોંધાયા છે જેમાં દાહોદથી એક વર્ષના બાળકમાં શંકાસ્પદ લક્ષણો સાથે દાખલ કરવામાં આવ્યું છે જ્યારે બીજું આણંદ જિલ્લાના આંકલાવ તાલુકામાંથી બે વર્ષના એક બાળક સહિત હાલમાં કુલ 3 બાળદર્દીઓને પી.આઇ.સી.યુ. મા સારવાર આપવામાં આવી રહી છે જેમાં બે બાળકોના રિપોર્ટ ગાંધીનગર ખાતે મોકલવામાં આવ્યા છે જેના રિપોર્ટ આવ્યા બાદ જ ચોક્કસ કારણ જાણી શકાશે.


## આધાર હાઉસિંગ ફાયનાન્સ લિ.,

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફીસઃ યુનિટ નં. 802, નટરાજ રૂસ્તોમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ વી રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-400069.
વડોદરા શાખાઃ ઓફીસ નં. - 404, ચોથો માળ, એટલાન્ટીસ કોમ્પ્લેક્સ, પેટ્રોલ પંપની સામે, સારાભાઈ રોડ, વડોદરા - 390001 (ગુજરાત).
દાહોદ શાખાઃ સી.એસ. નં. 5558, એસ.એફ. 2, નીલકંઠ એપાર્ટનેન્ટ, બેંક ઓફ બરોડાની ઉપર, ગોદી રોડ, દાહોદ-389151-ગુજરાત.
ગોધરા શાખાઃ ઓફીસ નં. 3, પ્રથમ માળ, શ્રી સ્વામિનારાયણ એવેન્યુ, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત - 389001 (ગુજરાત). જીલ્લો. પંચમહાલ

### એપેન્ડીક્સ-IV કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

નીચે સહી કરનાર સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002 હેઠળ આધાર હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડના (AHFL) અધિકૃત અધિકારી છે, અને કલમ 13 (12)ને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી, કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં ઉલ્લેખીત ઋણ લેનારાઓ- ગારન્ટર્સને ડિમાન્ડ નોટીસ જારી કરી હતી જેમાં તેમને નોટીસમાં ઉલ્લેખીત બાકી નીકળતી રકમ વ્યાજ સહિત તે નોટીસ મળ્યાના 60 દિવસમાં ચુકવવા કહેવાયું હતું. ઋણ લેનાર તે રકમ પરત કરવામાં નિષ્ફળ ગયા હતાં આ કારણથી ઋણ લેનારાઓ-ગારન્ટર્સ અને સામાન્ય જનતાને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે ઉપરોક્ત કાયદાની કલમ 13 (4)ને સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 8 સાથે વાંચતા મળેલી સત્તાનો ઉપયોગ કરી નીચે ઉલ્લેખીત મિલ્કતોનો કબ્જો મેળવ્યો છે. ઋણ લેનારાઓનું ધ્યાન મિલ્કત ફરીથી મેળવવા માટે સમયની ઉપલબ્ધતા અંગે ઉપરોક્ત કાયદાની કલમ 13ની પેટા કલમ (8) પર દોરવામાં આવે છે. ખાસ કરીને અહીં ઉલ્લેખીત ઋણ લેનારા અને સામાન્ય જનતાને અહીં ચેતવણી આપવામાં છે કે અહીં ઉલ્લેખીત મિલ્કત સાથે કોઈ સોદો ન કરે અને આ મિલ્કત સાથે કોઈ પણ સોદો અહીં ઉલ્લેખીત રકમ સાથે તેના પર વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે AHFLના આધીન રહેશે.

| ક્રમ નં. | ઋણ લેનાર-સહ ઋણ લેનારનું નામ-શાખાનું નામ | સિક્યોર્ડ મિલ્કતની વિગત (સ્થાવર મિલ્કત) | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | કબજાની તારીખ |
|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. 38110000113-દાહોદ શાખા) શંકરભાઈ મારુ (ઋણ લેનાર) સુમિત્રાબેન મારુસ ભારુભાઈ મગનભાઈ મારુ, મગનભાઈ મારુ (સહ-ઋણ લેનાર) | સ્થાવર મિલ્કતના તમામ ભાગ, જી.એફ. એફએફ હાઉસ નં. 151-1, હરિજનવાસ ફળીયુ, કટવારા રોડ, 151-1 કટવારા દાહોદ, ગુજરાત-389154. સીમાઓઃ પૂર્વઃ મારુભાઈનું ઘર, પશ્ચિમઃ ગામનો રસ્તો, ઉત્તરઃ અન્ય ઘર, દક્ષિણઃ મારુ અમૃતભાઈનું ઘર. | 12-04-2025 & ₹ 5,48,870/- | 15-07-2025 |
| 2 | (લોન કોડ નં. 38110000122-દાહોદ શાખા) રાકેશભાઈ શાંતિલાલ મારુ (ઋણ લેનાર) લક્ષ્મીબેન મારુ (સહ-ઋણ લેનાર) | સ્થાવર મિલ્કતના તમામ ભાગ, જીએફ હાઉસ નં. 145-1, વાલ્મિકીવાસ જૂનો ઈંદોર હાઈવે રોડ, કટવારા, દાહોદ, ગુજરાત-389151. સીમોઃ પૂર્વઃ મનુભાઈ મારુનું ઘર, પશ્ચિમઃ માર્ગ, ઉત્તરઃ માર્ગ, દક્ષિણઃ માર્ગ. | 12-04-2025 & ₹ 6,67,444/- | 15-07-2025 |
| 3 | (લોન કોડ નં. 38110000211-દાહોદ શાખા) ડામોર અશ્વિનભાઈ ખેમચંદભાઈ (ઋણ લેનાર) સોનલબેન અશ્વિનભાઈ ડામોર (સહ-ઋણ લેનાર) | સ્થાવર મિલ્કતના તમામ ભાગ, જીએફ મિલ્કત નં. 864, જૂનો ઘર નં. 817, પટેલ ફળિયુ ઈન્દૌર અમદાવાદ હાઈવે રોડ, ભુટોડી, દાહોદ, ગુજરાત- 389154. સીમાઓઃ પૂર્વઃ રમેશભાઈનું ઘર, પશ્ચિમઃ માર્ગ, ઉત્તરઃ માર્ગ, દક્ષિણઃ નાથિયાભાઈ કસનભાઈનું ઘર. | 12-04-2025 & ₹ 6,87,596/- | 15-07-2025 |
| 4 | (લોન કોડ નં. 17610000022-ગોધરા શાખા) અરવિંદભાઈ ધારિયા (ઋણ લેનાર) રમણભાઈ ધારિયા, શર્મિષ્ઠાબેન ધારિયા (સહ-ઋણ લેનાર) | સ્થાવર મિલ્કતના તમામ ભાગ, ઘર નં. 363, મોટુ ફળિયુ, ટીમ્બાથી કરબીરપુર રોડ, ઘર નં. 363, જુની ધારી, પંચમહલ, ગુજરાત-388710. સીમાઓઃ પૂર્વઃ જાહેર રોડ, પશ્ચિમઃ માલિકીની મિલ્કત, ઉત્તરઃ પાના ધુદા મચ્છીનું ઘર, દક્ષિણઃ મણીભાઈ ધારિયાનું ઘર. | 12-04-2025 & ₹ 2,52,110/- | 15-07-2025 |
| 5 | (લોન કોડ નં. 03810000423-વડોદરા શાખા) ગૌરવકુમાર અગ્રવાલ (ઋણ લેનાર) શીતલ અગ્રવાલ (સહ-ઋણ લેનાર) | સ્થાવર મિલ્કતના તમામ ભાગ, જીએફ બ્લોક નં. 37, પટેલ પાર્ક કો. ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિ., વારસિયા રોડ, વડોદરા ગુજરાત-390006. સીમાઓઃ પૂર્વઃ બ્લોક નં. સી-36, પશ્ચિમઃ બ્લોક નં. સી-38, ઉત્તરઃ બ્લોક નં. સી-40, દક્ષિણઃ ટી પી રોડ. | 12-04-2025 & ₹ 37,14,570/- | 15-07-2025 |
| 6 | (લોન કોડ નં. 03800000072 અને 03800000083-વડોદરા શાખા) છેલવિહારી ડી શર્મા (ઋણ લેનાર) ગીતાબેન ઘનશ્યામ શર્મા (સહ-ઋણ લેનાર), કમલાબેન ચંદ્રકાન્ત સોલંકી (ગારન્ટર) | સ્થાવર મિલ્કતના તમામ ભાગ, 414પી એઆર2 67, દેવનગર, ગુજ સ્લમ ક્લિયરેન્સ સેલ, તરસાલી બસ સ્ટેન્ડ નજીક તરસાલી, વડોદરા, ગુજરાત-390009. સીમાઓઃ ઘર નં. એઆર-2-68, પશ્ચિમઃ ઘર નં. એઆર-2-66, ઉત્તરઃ કમ્પાઉન્ડ વોલ, દક્ષિણઃ માર્ગ. | 14-04-2025 & ₹ 4,39,313/- & ₹ 2,27,298/- | 15-07-2025 |

સ્થળઃ ગુજરાત
તારીખઃ 19-7-2025

અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ


# એસઓજીએ અકોટા તથા અટલાદરા વિસ્તારના 3 ગેરેજમાં દરોડા પાડ્યા

**વાહનોના** રજિસ્ટ્રેશન નંબર તથા માલિકોના નામ સરનામા સહિતની માહિતીનું રજિસ્ટર નહી રાખનાર ત્રણ ગેરેજ સંચાલકની અટકાયત

(પ્રતિનિધિ) વડોદરા તા.18

શહેરમાં ટુ વ્હીલર અને ફોર વ્હીલરના ગેરેજમાં રિપેરિંગ તેમજ સર્વિસ માટે આવતા વાહનોના રજિસ્ટ્રેશન તથા માલિકાના નામ સરનામા સહિતની માહિતીનું રજિસ્ટ્રેન મેન્ટેન નહી રાખનાર 3 ગેરેજ સંચાલકોની અટકાયત એસઓજી પોલીસ દ્વારા અટકાયત કરાઈ છે.

સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપના પીઆઇ એસ ડી રાતડા દ્વારા એસઓજીની અલગ અલગ ટીમો બનાવીને આગામી તહેવારો દરમિયાન શહેરમાં સ્થપાયેલા શાંતિ જળવાઈ રહે ઉપરાંત વાહનચોરી તથા અછોડાચોરીના બનાવો ઘટે માટે ગેરેજવાળા તથા વાહનો તોડવાનું કામ કરતા ભંગારીયા તેમજ વાહન લેવેચનું કામ કરનાર સંચાલકો વિરુદ્ધ કાર્યવાહી કરવાની સુચના અપાઈ હતી. એસઓજીની ટીમે અકોટા વિસ્તારમાં ગાયસર્કલ પાસે રુકમાં કોમ્પલેક્ષમાં અર્ચિત ઓટો ગેરેજ,, પરસોત્તમ નગરના મકાનમાં બરોડા ઓટો ગેરેજ તથા અટલાદરા વિસ્તારમાં નારાયણવાડી પાસે પ્રમુખ પાર્ક સોસાયટીમાં પ્રમુખ ઓટો ગેરેજમાં ટુ તથા ફોર વ્હીલર વાહનોની સર્વિસ થા રિપેરિંગ માટે આવતા આવતા વાહનના માલિકોના નામ સરનામા મોબાઈલ તથા રજિસ્ટ્રેશન નંબરની નોંધણીનું રજિસ્ટર મેન્ટેન નહી રાખવામાં આવતા તેમના વિરુદ્ધ અનુક્રમે બરોડા ઓટો રેગેજના મેમુદ વલી મુલતાની, અર્ચિત ઓટો ગેરેજના પ્રદિપ કિશનકુમાર દુબે તથા પ્રમુખ ઓટો ગેરેજના માલિક નિલકુમાર મુકેશ પટેલ વિરુદ્ધ પોલીસ કમિશનરના જાહેરનામા ભંગનો ગુનો નોંધી ત્રણેયની અટક કરી છે.

## વડોદરા રેલવે સ્ટેશન પર ગંદકી ફેલાવાવાળા 117 મુસાફરો દંડાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા રેલવે સ્ટેશન પર સ્વચ્છતાના નિયમોના ઉલ્લંઘન સામે કડક કાર્યવાહીના ભાગ રૂપે, છેલ્લા છ દિવસોમાં ગંદકી ફેલાવાના 134 કિસ્સાઓમાં 117 મુસાફરોને આકરો દંડ ફટકારવામાં આવ્યો છે.

રેલવે કાયદા મુજબ સ્ટેશન પરિસરમાં ગંદકી ફેલાવા બદલ મહત્તમ 500 સુધીનો દંડ ફટકારી શકાય છે. વડોદરા રેલ્વે મંડળે મુસાફરોને સ્વચ્છતા જાળવવામાં સહયોગ કરવાની અને જાહેર સ્થળો પર ગંદકી ન કરવાની અનેક વાર અપીલ કરી છે. રેલવે વિભાગ સ્વચ્છ ભારત મિશન હેઠળ સ્વચ્છતાને અગ્ર ક્રમે પ્રાથમિકતા આપી રહ્યું છે અને ભવિષ્યમાં પણ આવા અભિયાનો ચાલુ રાખવામાં આવશે. રેલ્વે સ્ટાફ, પોલીસ અને હાઈ ટેક સીસીટીવી કેમેરામાં કેદ થતા મુસાફરો ગંદકી કરતા તુરંત સકંજામાં આવી જાય છે. મુસાફર પકડાતા જ સ્થળ પર જ આકરા દંડની વસુલાત કરવામાં આવે છે.

# માતા-પિતાના ભેદભાવનો ભોગ બનેલી યુવતીને 181 અભયમ ટીમે સુખદ સમાધાન કરાયું



(પ્રતિનિધિ) ગોધરા તા.18

પંચમહાલમાં માતા-પિતા દ્વારા એક યુવતી સાથે ભેદભાવ અને હેરાનગતિનો કિસ્સો સામે આવ્યો હતો જેને લઈ પંચમહાલની 181 અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમે યુવતીની મદદે આવી અને માતા-પિતાનું કાઉન્સિલિંગ કરી અને યુવતીને તેના કાકા-કાકીને સોંપી સુખદ સમાધાન કરાવ્યું.

181 હેલ્પલાઈનને અન્ય વ્યક્તિ દ્વારા જાણ કરવામાં આવી હતી કે એક યુવતીને તેના માતા-પિતા હેરાન કરે છે જેને બહાર જવા દેતા નથી અને મારપીટનો પ્રયાસ કરવામાં આવે છે જેથી ટિમ ત્યાં પોહચી અને યુવતી સાથે વાત ચિત કરતા જણાવ્યું કે, તેના અન્ય બહેનોને નોકરી કરવા દેવાય છે પરંતુ તેને રોકવામાં આવે છે મોબાઈલ લઈ લેવાયો છે અને ઘરકામ કરાવાય છે. અભયમ ટીમે માતા-પિતાનું કાઉન્સિલિંગ કરી, કાયદાકીય સમજણ આપી અને ભેદભાવની માનસિક અસર સમજાવી હતી અને માતા-પિતાને પોતાની ભૂલ સમજાતા તેમણે દીકરી સાથે શાંતિપૂર્વક વર્તન કરવાની ખાતરી આપી હતી અને અંતે યુવતીની ઈચ્છા મુજબ તેને તેના કાકા-કાકીને સોંપવામાં આવી હતી. આમ પંચમહાલની મહિલા અભયમની ટિમ દ્વારા સુખદ સમાધાન કરાવ્યું હતું.

ભરૂચમાં સ્માર્ટ મીટરનો વિરોધમાં મહિલા રણચંડી બની..!!

# ભરૂચ નારાયણ એરેના અપાર્ટમેન્ટના મહિલાઓ દ્વારા થાળી વગાડી પ્રચંડ વિરોધ



**સ્થાનિક** મહિલાઓનો મૂડ જાણીને વીજ કર્મીઓ સ્માર્ટ મીટર લગાવ્યા વિના જ પરત ફર્યા

(પ્રતિનિધિ) ભરૂચ,તા.18

ભરૂચ શહેરમાં સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી વચ્ચે નારાયણ એરેના એપાર્ટમેન્ટના મહિલાઓએ રણચંડી બનીને પ્રચંડ વિરોધ નોંધાવ્યો છે.વીજ વિભાગની ટીમ જ્યારે એપાર્ટમેન્ટમાં સ્માર્ટ મીટર લગાવવા પહોંચી ત્યારે સ્થાનિકોએ થાળીઓ વગાડીને વિરોધ પ્રદર્શન કર્યું હતું.

વીજ વિભાગ દ્વારા અત્યાર સુધીમાં ભરૂચ શહેરમાં લગભગ 15 હજાર સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે.જૂના મીટર બદલીને નવા સ્માર્ટ મીટર મૂકવાની કામગીરી ચાલી રહી છે. સ્થાનિક રહીશોએ સ્માર્ટ મીટરનો વિરોધ કરતા જણાવ્યું કે, હાલમાં વીજ કર્મચારીઓ મીટર બિલ ફાડવાની ઝંઝટમાંથી મુક્તિ મળે તેવું કારણ આગળ ધરી સ્માર્ટ મીટર લગાવવા માંડ્યા છે.પાછળથી આ મીટર પ્રી-પેઈડ (એડવાન્સ પૈસા જમા કરાવવા) તરીકે કરવાના મૂડમાં છે.જેને લઈને હજુ ગરીબોને ઘરે માંડ માંડ મીટરો આવ્યા છે.ત્યાં તો હમણા તો બિલ આપવાની સીસ્ટમ રાખીને સ્માર્ટ મીટરો મુક્યા છે.પણ ભવિષ્યમાં તો સ્માર્ટ મીટરો ગરીબ માનવી પાસે પૈસા ખંખેરવાનું સાધન બને એમ લાગે છે. જેથી અમને સ્માર્ટ મીટરનું ડીંડકની કોઈ જરૂર નથી.જો પોલીસને સાથે લઈને સ્માર્ટ મીટર જબરદસ્તી લગાડવામાં આવશે તો ગરીબોની હાય લાગશે.

પ્રચંડ વિરોધને પગલે વીજ વિભાગના કર્મચારીઓ સ્માર્ટ મીટર લગાવ્યા વિના પરત ફરવાનો વારો આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે પોલીસને જ કારણે સ્માર્ટ મીટરો સ્વીકારે છે.નહી તો સ્માર્ટ મીટરનાં વિરોધી દેખાઈ રહ્યા છે


## આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ

IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ–૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦
ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો–શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો અને સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૧. | ૩૪૩૬૪૬૫૩ | લોન સામે મિલકત | ૧. અશોકભાઈ મનુરભાઈ ટાડવી ૨. મનોરભાઈ ટાડવી | ૧૪.૦૬.૨૦૨૫ | રૂા.૨,૮૪,૯૯૩.૮૬/– |
| તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ગ્રામ પંચાયતની મિલકત નં.૫, મિકલત એરીયા ૭૨૦ ચો.ફુટ, મોટુ ફળિયુ, મુ.પો. બાગલીપુર તા. ડભોઈ, જી. વડોદરા, ગુજરાત–૩૯૧૧૨૦, ખાતે આવેલ છે જેની ચર્તુદિશા : **પૂર્વ તરફ** : વાડો ,**પશ્ચિમ તરફ** :રોડ ,**ઉત્તર તરફ** :મંગુભાઈ નુ ઘર, **દક્ષિણ તરફ**, : સોમાભાઈ નુ ઘર આવેલ છે. | | | | | |
| ૨. | ૧૨૫૩૩૨૨૭૭ | હોમ લોન | ૧. ટાડવી સંદિપભાઈ ૨. ટાડવી કાભાઈભાઈ | ૩૦.૦૬.૨૦૨૫ | રૂા.૫,૧૮,૮૨૨.૮૩/– |
| તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ગ્રામ પંચાયતનો નવો મિલકત નં.૨૭૪,જૂનો મિલકત નં. ૨૫૫, એરીયા ૭૮.૦૩ ચો.મીટર, ગામ ભીલોડીયા, તા. ડભોઈ, જી. વડોદરા, ગુજરાત–૩૯૧૧૧૦, ખાતે આવેલ છે જેની ચર્તુદિશા : **પૂર્વ તરફ** : રોડ,**પશ્ચિમ તરફ** :પાલાભાઈ ડાભી નું ઘર ,**ઉત્તર તરફ** :હસમુખભાઈ બુધાભાઈ ટાડવી નું ઘર, **દક્ષિણ તરફ**, : અરવિંદભાઈ રણછોડભાઈ ટાડવી નું ઘર આવેલ છે. | | | | | |

આથી **તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી કોસ્ટ અને ખર્ચા સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એકટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ–ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/–
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.

તારીખ : ૧૮.૦૭.૨૦૨૫
સ્થળ : વડોદરા,ગુજરાત

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)



## એચડીએફસી બેંક લિમિટેડ

HDFC BANK
We understand your world

**પઝેશન નોટિસ**

**શાખા :** એચડીએફસી હાઉસ, ટ્રિડેન્ટ કોમ્પ્લેક્સ, રેસકોર્સ વડોદરા ૩૯૦૦૦૭.
CIN L70100MH1977PLC019916 **વેબસાઈટ:** www.hdfc.com

જ્યારે હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડના ઓથોરાઇઝ્ડ ઓફિસર/ઓ દ્વારા સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ અને સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચવામાં આવતી કલમ ૧૩ (૧૨) હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ (૨) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી હતી. નીચેના ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદાર(ઓ) અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ)ને ઉપરોક્ત નોટિસોમાં ઉલ્લેખિત લાગુ પડતા દરે તેમના સંબંધિત નામ સામે ઉલ્લેખિત રકમની સાથે સાથે ઉપરોક્ત નોટિસોમાં ઉલ્લેખિત લાગુ દરો પર, ઉપરોક્ત નોટિસોની તારીખથી ૬૦ દિવસની અંદર, આનુષંગિક ખર્ચ, ખર્ચ, ચાર્જિસ વગેરે ચૂકવણીની તારીખ અને / અથવા પ્રાપ્તિની તારીખ સુધી ચૂકવવાનું આહવાન કરે છે.

| ક્રમ ન. | ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓનું નામ | બાકી લેણાં | ડિમાન્ડ નોટિસ તારીખ | કબજાની તારીખ | સ્થાવર મિલકત(ઓ) / સિક્યોર્ડ એસેટ(ઓ) નું વર્ણન |
|---|---|---|---|---|---|
| એ | બી | સી | ડી | ઈ | એફ |
| 1 | શ્રી કાનડે મંગેશ એસ (ઋણલેનાર) શ્રીમતી કાનડે પ્રતિભા સુરેશ (સહ ઋણલેનાર) 193565 - 609119658 | ૨૮.૦૨.૨૦૨૫ ના રોજ રૂ. ૬,૧૨,૪૬૨/- બાકી | ૨૫.૦૩.૨૦૨૫ | ૧૫.૦૭.૨૦૨૫ સિમ્બોલિક | ૨૦૨, નીલકંઠ પ્લાઝા, સી એસ નં. ૧૦૩, વીઆયીબી બી-૩/૨, દિઘે વાડા, પોલીસ ચોકી પાસે, દાંડિયા બજાર મેઈન રોડ, વડોદરા - ૩૯૦૦૦૧ |
| 2 | શ્રી મહેશ્વરી રાજદીપકુમાર પ્રદીપભાઈ (ઋણલેનાર) શ્રીમતી મહેશ્વરી ખુશ્બુ આર (સહ ઋણલેનાર) 193390 - 690032926, 630272801 | ૨૮.૦૨.૨૦૨૫ ના રોજ રૂ. ૬૦,૯૫૦/- અને રૂ. ૧૦,૮૩,૮૭૧/- બાકી | ૨૫.૦૩.૨૦૨૫ | ૧૭.૦૭.૨૦૨૫ સિમ્બોલિક | ગ્રાઉન્ડ ફ્લોર, યુનિટ-જીએફ/૮, કૃષ્ણ એમ્પાયર (વાણિજ્યિક), એસ ન. ૪૮૫, ૪૮૬, છાણી મેઈન રોડ, રામાકાકા દેરી સામે, પ્રકૃતિ રિસોર્ટની પાછળ, વડોદરા, ગુજરાત ૩૯૦૦૦૨ |
| 3 | શ્રી મકવાણા કેહિલકુમાર ભીખાભાઈ (ઋણલેનાર) શ્રીમતી મકવાણા મનીષાબેન કેદિલભાઈ (સહ ઋણલેનાર) 193461 - 617859960,619465026 | ૨૮.૦૨.૨૦૨૫ ના રોજ રૂ. ૨૧,૮૧,૦૩૧/- અને રૂ. ૧,૧૯,૭૩૮/- બાકી | ૨૫.૦૩.૨૦૨૫ | ૧૭.૦૭.૨૦૨૫ સિમ્બોલિક | ફ્લેટ-૨૦૨, બીજો માળ, સિદ્ધાર્થ સમન્વય, ટાવર ઇ, એસ નં. ૯૨૪, એફ પી ૧૭૫ પી, મુખ્ય છાણી રોડ, વાલ્ક્સવેગન શોરૂમની બાજુમાં અને સુરેન્દ્ર નર્સરી છાણી રોડ, વડોદરા -૩૯૦૦૦૨ |
| 4 | શ્રી માલેક ખેરુદ્દીન એસ (ઋણલેનાર) શ્રીમતી માલેક ફરીદાબાનુ કે (સહ-ઋણલેનાર) 193593 - 605377739 | ૩૧.૦૩.૨૦૨૫ ના રોજ રૂ. ૨,૬૮,૫૧૪/- બાકી | ૨૩.૦૪.૨૦૨૫ | ૧૫.૦૭.૨૦૨૫ સિમ્બોલિક | બી/૮૪, મદીના પાર્ક, (એફ પી નં. ૬૨), અમીન પાર્કની સામે, તાંડલજા રોડ, વડોદરા - ૩૯૦૦૧૨ |
| 5 | શ્રી માલેક સમીરાહમેદ (ઋણલેનાર) 192861 - 646161418,646744666 | ૩૧.૦૩.૨૦૨૫ ના રોજ રૂ. ૫,૯૫,૯૦૦/- અને રૂ. ૧૬,૬૩૨/- બાકી | ૨૨.૦૪.૨૦૨૫ | ૧૫.૦૭.૨૦૨૫ સિમ્બોલિક | ફ્લેટ-૨૦૩, બીજો માળ, અલ મુકામ રેસિડેન્સી II, ટાવર એચ, એસ નં. ૨૩૯, અલ મદીના રેસિડેન્સી નજીક, અલ કરીમ પાછળ, રેસિડેન્સી, કેમી-ટેક કંપની પાસે, ૨૪ મીટર હાઇ ટેન્શન રોડ, તાંડલજા, વડોદરા - ૩૯૦૦૧૨ |
| 6 | શ્રી રાજપૂત સૂરજ સિંહ શ્રીમતી કંવર સંતોષ 193557 - 661256731,662802023 | ૨૮.૦૨.૨૦૨૫ ના રોજ રૂ. ૧૬,૩૦,૧૫૯/- અને રૂ. ૧,૦૭,૫૦૩/- બાકી | ૨૫.૦૩.૨૦૨૫ | ૧૫.૦૭.૨૦૨૫ સિમ્બોલિક | ફ્લેટ-એમ-૮૦૩, ૮મો માળ, સફલ આઇરિસ, ટાવર એમ, એસ નં. ૨૮, એફ પી - ૫૩, ટી પી - ૨૮, નારાયણ કાઠિયાવાડી હોટેલ પાછળ, એનઆરટીરી હાઉસ હાઇ સ્કૂલ, નીલકંઠ રેસિડેન્સી પાસે, અટલાદરા, વડોદરા - ૩૯૧૪૧૦ |
| 7 | શ્રી શાહ વિકાસ એન (ઋણલેનાર) શ્રીમતી શાહ મીતા નરેશ (સહ ઋણલેનાર) 192867 - 609669926,618549707 | ૩૧.૦૩.૨૦૨૫ ના રોજ રૂ. ૫,૯૭,૯૧૫/- અને રૂ. ૧,૦૬,૬૪૩/- બાકી | ૨૨.૦૪.૨૦૨૫ | ૧૭.૦૭.૨૦૨૫ સિમ્બોલિક | ૧૦૮, પહેલો માળ, કૃષ્ણ દર્શન, ટાવર ડી, એસ નં. ૭૭૪, બ્લોક ૨૮૨, સમિયાલા, વડોદરા - ૩૯૦૦૧૨ |

જો કે, અહીં ઉલ્લેખિત ઋણલેનાર/કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) બાકી નીકળતી રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, અહીં ઉલ્લેખિત ઋણલેનાર/કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) અને કાનૂની પ્રતિનિધિઓને અને સામાન્ય રીતે જનતાને નોટિસ આપવામાં આવે છે કે એચડીએફસીના અધિકૃત અધિકારી/ઓ એ કલમ ૧૩(૪) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને ઉપર જણાવેલ સ્થાવર મિલકત (ઓ) / સુરક્ષિત સંપત્તિ (ઓ) નો ભૌતિક કબજો લીધો છે. ઉપરોક્ત અધિનિયમની ઉપર જણાવેલ તારીખો પરના ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચવામાં આવે છે.

અહીં ઉલ્લેખિત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) ખાસ કરીને અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીંથી ઉપરોક્ત સ્થાવર મિલકત (ઓ) / સિક્યોર્ડ એસેટ્સ (ઓ) સાથે વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને ઉપરોક્ત સ્થાવર મિલકત (ઓ) / સિક્યોર્ડ એસેટ્સ (ઓ) સાથેનો કોઈ પણ વ્યવહાર એચડીએફસીના મોર્ગેજને આધિન રહેશે.

ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો/કાનૂની પ્રતિનિધિ(ઓ) ધ્યાન સુરક્ષિત સંપત્તિ/ઓ ને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ પર આમંત્રિત કરવામાં આવે છે.

પંચનામાની નકલો દોરવામાં આવી હોય અને માલ સુચિ કરવામાં આવેલ હોય તે નીચે સહી કરેલ વ્યક્તિ પાસે ઉપલબ્ધ હોય છે, અને ઉક્ત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિ (ઓ) ને ઓફિસના સામાન્ય કલાકો દરમિયાન કોઈ પણ કામકાજના દિવસે નીચે સહી કરાયેલ પાસેથી સંબંધિત નકલ એકત્રિત કરવા વિનંતી કરવામાં આવે છે.

**તારીખ: ૧૮.૦૭.૨૦૨૫**
**સ્થળ: વડોદરા**

**એચડીએફસી બેંક લિ.**
**સહી/-**
**અધિકૃત અધિકારી**

**રજિસ્ટર્ડ ઓફિસ: હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ, રેમન હાઉસ, એચ.ટી.પારેખ માર્ગ, ૧૬૯, બેકબે રિક્લેમેશન, ચર્ચગેટ, મુંબઇ**